# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-08-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, રાજ્ય સરકાર પાર—તાપી—નર્મદા લિન્ક પરિયોજનાને સ્થગિત રાખવાના નિર્ણય પર આજે પણ અડગ
2. સૌરાષ્ટ્ર બાદ હવે મહેસાણામાં પણ આવતીકાલથી આઠની જગ્યાએ 10 કલાક ખેતીવાડી વીજ પૂરવઠો અપાશે
3. રાજ્યમાં એક હજાર 400 કરોડનું મૂડીરોકાણ ધરાવતા 22 મોટા એકમની અરજીઓ મંજૂર થતાં ચાર હજારથી વધુ નવી રોજગારીનું સર્જન
4. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ત્રિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું.
5. રાજ્ય પોલીસ પાણીમાં ઊંડાઈમાં તપાસ કરવા હવે અદ્યતન ટૅક્નોલૉજીના ડીપ ટ્રેકર વાહનનો ઉપયોગ કરશે.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# TAPI PAR PROJECT

રાજ્ય સરકાર પાર–તાપી–નર્મદા લિન્ક પરિયોજનાને સ્થગિત રાખવાના નિર્ણય પર આજે પણ અડગ છે તેમ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું. તેમણે કહ્યું, રાજ્ય સરકારે આ પરિયોજનાને સ્થગિત રાખવાનો નિર્ણય વર્ષ 2022માં કર્યો હતો. ત્યારથી લઈ અત્યાર સુધી કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા આ પરિયોજનાને લઈ કોઈ નિર્ણય લેવાયો નથી.

**(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)**

-------------

# MEHSANA WATER

સૌરાષ્ટ્ર બાદ હવે મહેસાણામાં પણ આવતીકાલથી આઠની જગ્યાએ 10 કલાક ખેતીવાડી વીજ પૂરવઠો અપાશે. તેનાથી 43 હજાર ખેતીવાડી કૃષિ વીજ જોડાણને લાભ થશે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, સમગ્ર સૌરાષ્ટ્રમાં ખેતીવાડી વીજ પૂરવઠાનો સમય બે કલાક વધારતા ખેતીવાડી વીજ ઉપયોગ દૈનિક 4.4 કરોડ એકમથી વધીને 5.2 કરોડ એકમ થયો છે. તેનાથી અંદાજે 12 લાખ ખેતીવાડી કૃષિ વીજ જોડાણને લાભ મળી રહ્યો છે.

(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)

-------------

# ROJGARI SARJAN

ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં આજે મોટા ઉદ્યોગોને અંતિમ પાત્રતા પ્રમાણપત્ર આપવા અંગેની સમિતિની બેઠક યોજાઈ, જેમાં એક હજાર 400 કરોડ રૂપિયાનું મૂડીરોકાણ ધરાવતા 22 મોટા એકમની અરજીઓ મંજૂર કરવામાં આવી. તેનાથી અંદાજે ચાર હજાર 136 જેટલી નવી રોજગારીનું સર્જન થશે.

રાજ્યમાં "ઇન્સેન્ટિવ ટૂ ઇન્ડસ્ટ્રીઝ" યોજના હેઠળ અંદાજે એક લાખ 48 હજાર કરોડનું મૂડીરોકાણ સાથે એક લાખ 65 હજારથી વધુ સીધી રોજગારીનું સર્જન થયું હોવાનું ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું.

-------------

# HAR GHAR TIRANGA

હવે હર ઘર તિરંગાના કેટલાક સમાચાર

(તિરંગા ટ્યુન)

રાજયભરમાં હરઘર તિરંગા અભિયાન હેઠળ ત્રિરંગા યાત્રા યોજાઇ રહી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી ત્રિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવ આ યાત્રામાં જોડાયા હતા.

સુરતના બારડોલી ખાતે ધારાસભ્ય ઈશ્વર પરમારની આગેવાનીમાં વંદે માતરમ, ભારત માતાની જય ના નારા સાથે ત્રિરંગા યાત્રા યોજાઇ.

ડાંગના આહવામાં પોલીસ અને વનવિભાગના જવાનો દ્વારા યોજાયેલી ત્રિરંગા યાત્રામાં જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા સહિત 200 થી વધુ જવાનો જોડાયા હતા.

હર રેલ ઘર તિરંગા અંતર્ગત અમદાવાદનાં સાબરમતી ખાતે ન્યુ રેલ કોલોનીમાં હર રેલ ઘર તિરંગા રેલી યોજાઇ, જેમાં 2 હજારથી વધુ રેલવે પરિવારના સભ્યો જોડાયા. આ વર્ષે અમદાવાદ રેલવે મંડળ 18 હજારથી વધુ ઘરમાં રાષ્ટ્રધ્વજનું વિતરણ કરશે. સાથે જ કચ્છના વિવિધ ગામ અને જાહેર સ્થળોએ ત્રિરંગા યાત્રા યોજાઇ.

નડિયાદમાં જિલ્લા કક્ષાની ત્રિરંગા યાત્રામાં ઓપરેશન સિંદુર પર આધારિત ટેબલોએ આકર્ષણ જમાવ્યું હતું.

પાટણમાં રાજ્યસભા સાંસદ મયંક નાયકે એમ.એન હાઇસ્કૂલના મેદાનેથી ત્રિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું.

-------------

# DEEP TRACKER

**રાજ્ય પોલીસે પાણીમાં ઊંડાઈમાં જઈને તપાસ કરી શકે તેવા અદ્યતન ટેક્નોલોજીના બે “ડીપ ટ્રેકર” વાહનની ખરીદી કરી છે. પાયલટ પ્રૉજેક્ટ તરીકે બે કરોડ 80 લાખ રૂપિયાની કિંમતના આ વાહન વડોદરા અને રાજકોટને સોંપાયા છે. આ વાહનની વિશેષતા અંગે સાંભળીએ એક અહેવાલ.**

***(V/C:- KARAN PARMAR)***

*(... રાજ્ય પોલીસે ખરીદેલા આ વાહન પાણીની ઊંડાઈમાં રહેલા પૂરાવા એકત્રિત કરવાથી લઈ તપાસ અને દેખરેખ જેવી કામગીરીમાં મદદરૂપ થશે. 10 કિલો વજનનું આ વાહન પાણીની અંદર 200 મિટર સુધીની ઊંડાઈએ જઈ 100 કિલો સુધીનું વજન ઊંચકીને બહાર કાઢવાની ક્ષમતા ધરાવે છે. ઉચ્ચ ગુણવત્તાયુક્ત વીડિયો રેકોર્ડિંગ માટે અત્યાધુનિક કૅમેરાથી સજ્જ આ વાહન ડહોળા પાણીમાં પણ આ કામ કરી શકે છે. તાજેતરમાં ગુજરાત પોલીસે પણ આ વાહનનો ઉપયોગ કર્યો હતો.*

*કરણ પરમાર, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

-------------

# SURAT CMA RESULT

સર્ટીફાઇડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ - CMA ઇન્ટરમીડિયેટ અને ફાઈનલમાં સુરતના બે વિદ્યાર્થી દેશમાં પ્રથમ ક્રમે આવ્યા છે. CMA ફાઈનલમાં હંસ જૈન પ્રથમ, જ્યારે ઇન્ટરમીડિયેટમાં સુજલ સરાફે દેશમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે.

આ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ, શિક્ષકોએ આજે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ સાથે શુભેચ્છા મુલાકાત કરી. મંત્રીશ્રીએ બંને વિદ્યાર્થીને તેમની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

------------

# PRAFUL PANSERIYA ON SCHOOL LEAVING

શાળા છોડ્યાનું પ્રમાણપત્ર – LC મેળવવા અંગે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સ્પષ્ટતા કરી છે કે, રાજ્યની કોઈ પણ શાળામાં LC માટે કોઈ કિંમત લેવાતી નથી.. જો કોઈ શાળા આ પ્રમાણપત્ર માટે નાણાં માગે તો તરત જ તાલુકા કે જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) ને લેખિત ફરિયાદ કરવી.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી કરી છે. દરમિયાન આવતીકાલથી વરસાદનું જોર વધવાની સાથે અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાન્ગ, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. જ્યારે માછીમારોને 17 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

તો, રાજ્યમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 49 તાલુકામાં વરસાદના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 65 ટકા જેટલો નોંધાયો છે.

-------------

# SHIKSHAN NIRNAY

રાજ્ય સરકારે ધોરણ એકથી આઠની તમામ શાળાઓમાં સર્વગ્રાહી મૂલ્યાંકન માળખું અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. હવે, માત્ર લેખિત કસોટીથી મૂલ્યાંકન કરવાને બદલે સતત અને સર્વાંગી મૂલ્યાંકન કરાશે. એકમ કસોટીના સ્વરૂપમાં પણ ફેરફાર કરાશે. તેમજ વિદ્યાર્થીઓના માત્ર ગુણાંક નહીં સર્વાંગી વિકાસને પણ પ્રોત્સાહન અપાશે.

આ પદ્ધતિ વિદ્યાર્થીઓના જ્ઞાન, કૌશલ્ય, મૂલ્ય, વર્તન, સહકાર અને અભિગમનું મૂલ્યાંકન કરીને શિક્ષણને વધુ સમાવેશક અને વ્યાપક બનાવશે ગુજરાતની આ પહેલ "જેવું શિક્ષણ, તેવું મૂલ્યાંકન" ના સિદ્ધાંત પર આધારિત છે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

-------------

# Website re Lauching

ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે શિક્ષણ વિભાગ હસ્તકની નવ જેટલી વેબસાઇટનો નવા રૂપમાં ફરીથી પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, વિકસિત ગુજરાત 2047ના ભાગરૂપે ડિજિટલ માળખા અંતર્ગત અંદાજે 50 લાખ 11 હજાર રૂપિયાના ખર્ચે આ વેબસાઇટ તૈયાર કરવામાં આવી છે.

આ વેબસાઈટ દ્વારા રાજ્યના નાગરિકો અને વિદ્યાર્થીઓને શિક્ષણલક્ષી અગત્યના ઠરાવ, નીતિઓ, પરિપત્ર વગેરેની માહિતી ડિજિટલ સ્વરૂપે ઝડપી અને સરળતાથી મળી રહેશે.

-------------

# DWARKA JAMNASHTAMI TAIYARI

દેવભૂમિદ્વારકા જિલ્લામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. તંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે છપ્પન સિડી સ્વર્ગ દ્વારથી પ્રવેશ અને મોક્ષ દ્વારથી નિકાસની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ જગતમંદિરના પટાંગણમાં પણ વિશાળ મંડપ બનાવાયો છે. બીજી તરફ, સમગ્ર મંદિરને કલાત્મક રોશનીથી શણગારવાની કામગીરી ચાલી રહી છે.

. . . . . . . . . . .